પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૮૦, કુલ પાના:૪, તારીખ: ૨૧-૦૭-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 280 PRICE :-RS. 1.50 DATE : 21-07-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### લોકસભામાં થયો ખુલાસો, મોદી સરકાર માલામાલ

## પેટ્રોલ-ડિઝલ પર એક્સાઈઝ ડ્યૂટી લગાવીને ૯૪,૧૮૧ કરોડનો રેકોર્ડ ટેક્સ વસૂલ્યો

ન્યુ દિલ્હી,

ચાલુ નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકમાં કેન્દ્ર સરકારને પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટી લગાવીને રૂ. ૯૪,૧૮૧ કરોડનો રેકોર્ડ ટેક્સ વસૂલ્યો છે, જે ગયા નાણાકીય વર્ષની તુલનાએ ૮૮ ટકા વધુ છે, એમ લોકસભાને માહિતી આપવામાં આવી હતી.






ગયા વર્ષે કોરોના વાઈરસને કારણે ક્રૂડની માગમાં ઘટાડો થતાં ક્રૂડની વૈશ્વિક કિંમતોમાં ભારે ઘટાડો થયો હતો, જેને પગલે સરકારે પેટ્રોલની એક્સાઈઝ ડ્યૂટી વધારીને રૂ. ૩૨.૯૦ કરી હતી, જ્યારે ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટી પ્રતિ લિટર રૂ. ૧૫.૮૩થી વધારીને રૂ. ૩૧.૮ કરવામાં આવી હતી, એમ પેટ્રોલિયમ રાજ્યપ્રધાન રામેસ્વર તૈલીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે એનાથી નાણાં વર્ષ ૨૦૨૦-૨૧માં પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝની વસૂલાત રૂ. ૩.૩૫ લાખ કરોડ થઈ હતી, જે એક વર્ષ પહેલાં રૂ. ૧.૭૮ લાખ કરોડ હતી. જોકે વસૂલાત વધુ થઈ હતી, પણ કોરોનાને કારણે લાગેલા લોકડાઉનને લીધે ફ્યુઅલના વેચાણમાં ઘટાડો નોંધાયો હતો. જોકે ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ફ્યુઅલના વેચાણમાં વધારો થયો હતો અને વસૂલાતમાં વધારો થયો હતો.

નાણા રાજ્યપ્રધાન પંકજ ચૌધરીએ એક સવાલના જવાબમાં કહ્યું હતું કે એપ્રિલથી જૂન, ૨૦૨૧ના ત્રિમાસિક ગાળામાં પેટ્રોલ અને ડીઝલની એક્સાઈઝ ડ્યુટીની આવક રૂ. ૯૪,૧૮૧ કરોડ થઈ હતી. જોકે વર્ષ ૨૦૧૮-૧૯માં પેટ્રોલ અને ડીઝલની એક્સાઈઝની વસૂલાત રૂ. ૨.૧૩ લાખ કરોડ થઈ હતી. જોકે પેટ્રોલની પ્રોડક્ટ જેવી કે એટીએફ અને નેચરલ ગેસની કુલ એક્સાઈઝની વસૂલાત એપ્રિલ-જૂનમાં રૂ. ૧.૦૧ લાખ કરોડ હતી. જોકે નાણાકીય વર્ષમાં એક્સાઈઝ વસૂલાત રૂ. ૩.૮૯ લાખ કરોડ રહી હતી.

## ઈરાકમાં ઈદ પહેલાં ISISનો બ્લાસ્ટ: ૩૦ના મોત, ૩૫ ઘાયલ

બગદાદ,

ઈરાકમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની જવાબદારી આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ સમુહે લીધી છે. ઈરાકની રાજધાનીમાં મંગળવારે એક બોમ્બ બ્લાસ્ટ થયો છે. તેમાં ૩૦ લોકોના મૃત્યુ થયા છે. એક ટેલિગ્રામ ગ્રુપ પર પોતાનો મેસેજ મોકલતા આઈએસએ જણાવ્યું કે અબૂ હમજા અલ નામના હુમલાખોરે સોમવારે બગદાદના શહેરમાં ભીડની વચ્ચે જઈને વિસ્ફોટ કર્યો. જેમાં ૩૦ લોકોના મૃત્યુ થયા અને ૩૫ લોકો ઘાયલ થયા છે.



એક ફોટોગ્રાફરના જણાવ્યા મુજબ આ બ્લાસ્ટ બગદાદમાં તાજેતરના વર્ષોમાં થયેલા ભીષણ હુમલાઓમાંથી એક હતો. વિસ્ફોટ પછી પીડિતોના શરીરના હિસ્સા બજારમાં છુટાછવાયેલા પડ્યા હતા. ઈદના કારણે બજારમાં ભારે ભીડ હતી. ઈરાકના રાષ્ટ્રપતિ બરહમ સાલિહએ ગીચ વસ્તી ધરાવતા શિયા ઉપનગરમાં થયેલા બ્લાસ્ટને ગંભીર ગુનો ગણાવ્યો હતો અને પોતાની સંવેદના વ્યક્ત કરી. મેડિકલ સૂત્રોના જણાવ્યા મુજબ, મૃત્યુ પામનારાઓમાં આઠ મહિલાઓ અને સાત બાળકો સામેલ છે.

વિસ્ફોટ પછી સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવેલા વીડિયો ફુટેજમાં લોહીથી લથપથ પીડિત અને લોકો ડરીને બૂમો પાડતા દેખાઈ રહ્યાં છે. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે કેટલીક દુકાનોની છત પણ ફાટી ગઈ. એએફપીના પત્રકારોએ કહ્યું કે પાણીની બોટલોથી ભરેલુ રેફ્રિજરેટર લોહથી લથપથ હતુ અને ફળની સાથે ચંપલ જમીન પર વેરવિખેર પડ્યા હતા.

ઈરાકના વડાપ્રધાન મુસ્તફા અલ-કદીમીએ બજારના ક્ષેત્ર માટે જવાબદાર સંઘીય પોલિસ રેજિમેન્ટના કમાન્ડરની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેની તપાસ કરવામાં આવી રહી છે. આ વર્ષે આ ત્રીજી વખત બજારમાં બ્લાસ્ટ થયો છે. ઈસ્લામિક સ્ટેટ આ પહેલા પણ બગદાદમાં ઘણા બ્લાસ્ટ કરી ચુક્યું છે. આ પહેલા જાન્યુઆરીમાં ઈસ્લામિક સ્ટેટ સમુહે એક આત્મઘાતી બોમ્બ વિસ્ફોટની જવાબદારી લીધી. તેમાં ૩૨ લોકોના મૃત્યુ થયા હતા. તે પણ બગદાદના બજારમાં થયો હતો.

## રાજ્યમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ: ૧૧૧ તાલુકામાં વરસાદ ખાબક્યો

ગાંધીનગર,

રાજ્યમાં દક્ષિણ ગુજરાતમાં જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૧૧ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. તે ઉપરાંત આવતીકાલે નવસારી, ડાંગ અને વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. પરંતુ વરસાદ શહેરમાં સતત ખેંચાતો જાય છે. હજી આગામી ચાર પાંચ દિવસ અમદાવાદમાં વરસાદની કોઈ શક્યતાઓ દેખાતી નથી.

બીજી તરફ હવામાન વિભાગની આગાહી પ્રમાણે આવતીકાલથી સતત ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદ થઈ શકે છે. આ સિવાય આણંદ,બનાસકાંઠા, દાહોદ, ખેડા, મહેસાણા, પંચમહાલ, અમરેલી, ભાવનગર, રાજકોટ અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં ૧૧૧ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લામાં વરસાદ નોંધાયો છે.

આજે સવારે ૬થી ૮ વાગ્યા સુધીમાં ૨૫ તાલુકાઓમાં વરસાદ થયો છે. જેમાં સૌથી વધુ વરસાદ સુરતના ઉમરપાડામાં ૧૫ મીમી. નોંધાયો છે. તે સિવાય નવસારીના ચીખલીમાં ૬ મીમી વરસાદ થયો છે. આજે સવારે દક્ષિણ ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં મહેસાણાના સતલાસણા તાલુકામાં પણ ૨ મીમી વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં અત્યારસુધીમાં ૨૪.૬૪ ટકા વરસાદ થયો છે. ગત વર્ષે ૧૮ જુલાઈ સુધી રાજ્યમાં ૩૬ ટકા વરસાદ થયો હતો. ગત વર્ષની સરખામણીએ ૧૩ ટકા ઓછો વરસાદ છે. સરેરાશની સામે રાજ્યમાં ૩૯ ટકા ની ઘટ છે. રાજ્યમાં ૩૩માંથી ૩૨ જિલ્લામાં સરેરાશથી ઓછો વરસાદ છે. તાપીમાં સરેરાશથી ૭૩ ટકા, ગાંધીનગરમાં ૬૯ ટકા તો દાહોદમાં ૬૧ ટકા વરસાદની ઘટ છે. ૯ જિલ્લાઓમાં વરસાદની ૫૦ ટકાથી પણ વધારે ઘટથી ચિંતા વધી છે. છેલ્લાં ૬ વર્ષની સરખામણીએ આ વર્ષે જુલાઈમાં સૌથી ઓછો વરસાદ છે.

## ધો. ૧૨ સાયન્સના રિપીટર વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા ૨૮ જુલાઈથી યોજાશે

ગાંધીનગર,

ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને લઈને મહત્વના સમાચાર સામે આવ્યાં છે. ધોરણ ૧૨ સાયન્સના રીપીટર વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષાની તારીખ જાહેર કરાઈ છે. પ્રેક્ટિકલ પરીક્ષા તારીખ ૨૮ જુલાઈથી ૩૦ જુલાઈ દરમ્યાન યોજાશે.




ઉલ્લેખનીય છે કે, કોરોનાને લીધે સરકારના આદેશથી ૧૯મી માર્ચથી રાજ્યના અમદાવાદ સહિતના આઠ કોર્પોરેશન શહેરોમાં સ્કૂલો કોલેજો બંધ કરી દેવાઈ હતી અને જેના પગલે ૩૦મી માર્ચથી બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે લેવાનારી ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી વિષયની પ્રેક્ટિકલ પરીક્ષા આઠ શહેરોમાં મોકુફ કરી દેવાઈ હતી. ત્યાર બાદ સરકારે નિયમિત વિદ્યાર્થીઓની મુખ્ય બોર્ડ પરીક્ષા રદ કરી દીધી છે. જેથી હવે નિયમિત વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા પણ થનાર નથી અને આ વિદ્યાર્થીઓને નિશ્ચિત ફોર્મ્યુલા મુજબ પરિણામ મળનાર છે.

## તહેવારો પહેલાં ભડકો: કપાસિયા અને સિંગતેલના ભાવમાં ધરખમ વધારો ઝીંકાયો

રાજકોટ,

રાજકોટમાં ફરી સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો થયો છે. અષાઢ મહિનાની શરૂઆત થતા જ હવે તહેવારોની સીઝન શરૂ થઈ ગઈ છે ત્યારે આવા ટાંણે લોકોના બજેટ પર મોંઘવારીનો માર ઝીંકાયો છે. એક તરફ પેટ્રોલ-ડીઝલમાં તોતિંગ ભાવવધારો અને બીજી તરફ હવે ખાદ્યતેલના ભાવ પણ આસામાને જઈ રહ્યાં છે.



રાજકોટ દરેક તેલના ભાવમાં ધરખમ વધારો ઝીંકાયો છે. તેલિયા રાજા સ્ટોક કરવા લાગતા ભાવમાં ધરખમ વધારો થયો છે. સાતમ-આઠમના તહેવારો પૂર્વે તેલના ભાવમાં રૂપિયા ૩૦ થી લઈને ૧૫૦ રૂપિયા સુધીનો વધારો નોંધાયો છે. સિંગતેલ ડબાના ભાવમાં ૨૦ દિવસમાં ૯૫ રૂપિયાનો વધારો થયો છે. તો કપાસિયા તેલના ભાવમાં ૨૦ દિવસમાં ૧૫૦ રૂપિયાનો ભાવવધારો ઝીંકાયો છે. સિંગતેલનો ડબ્બો ફરી ૨૪૬૫ અને કપાસિયા તેલનો ડબ્બો ૨૪૦૦ રૂપિયાએ પહોંચ્યો છે. તો પામોલીન, સરરિયુ, સનફલાવર, કોર્ન ઓઈલ અને કોપરેલ તેલના ભાવમાં પણ વધારો નોંધાયો છે.

મે મહિનાના અંતમાં સિંગતેલના ભાવમાં મોટો ઘટાડો થયો હતો. જેથી લોકોને રાહત થઈ હતી. મે મહિનામાં ખાદ્યતેલના ભાવમાં ઘટાડો થતા ખાદ્યતેલમા વાયદા બજાર ખુલતાની સાથે જ કડાકો બોલાયો હતો. જેથી સિંગતેલના ડબ્બાના ભાવમાં ૫૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. તો કપાસિયા તેલના ભાવ ૩૦ રૂપિયા ઘટ્યા હતા. સિંગતેલ ડબ્બો ૨૫૦૦થી ૨૫૫૦ થયો હતો. જેના બાદ સતત ભાવ ઘટ્યા હતા. આ પાછળ ચીનની માંગ કારણભૂત છે. સીંગતેલમાં છેલ્લા કેટલાક સમયથી ચાઈના સાથેના વેપાર બંધ હતા.બીજી તરફ ઈમ્પોર્ટ તેલના ભાવ કાબુમાં આવ્યા હતા.તેની સાથે સાથે સીંગતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## કોરોના સંકટ: આસામના પાંચ જિલ્લામાં લોકડાઉન બીજા અઠવાડિયા સુધી લંબાવાયું

ગૌહાટી,

દેશમાં કોરોના વાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારો કોરોના પ્રતિબંધોમાં રાહત આપીને લોકોને રાહત આપી રહી છે. જો કે, એવા ઘણા રાજ્યો છે કે જેમણે પ્રતિબંધો વધાર્યા છે. કોરોના વધતા જતા કેસોને જોતા, આસામ સરકારે રાજ્યના ૫ જિલ્લા જોરહટ, ગોલાઘાટ, વિશ્વનાથ, સોનીતપુર અને લખીમપુરમાં આપવામાં આવેલા પ્રતિબંધોને બીજા અઠવાડિયા સુધી લંબાવાની જાહેરાત કરી છે. રાજ્યના આરોગ્ય પ્રધાન કેશવ મહંતે જણાવ્યું હતું કે, આસામના પાંચ જિલ્લામાં કોવિડ -૧૯ ઉચ્ચ પોઝિટિવિટી દરને કારણે, સંપૂર્ણ લોકડાઉન ચાલુ રહેશે, જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓ અને ત્યાંના લોકોની અવરજવર સ્થગિત રહેશે. આ પાંચ જિલ્લા જોરહટ, ગોલાઘાટ, સોનીતપુર, વિશ્વનાથ અને લખીમપુરને કોરોનાના વધતા જતા કેસોને લીધે ૭ જુલાઈએ કન્ટેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. પરિસ્થિતિમાં થોડો સુધારો થવાને કારણે ગોલપરા અને મોરીગાંવમાં નિયંત્રણો અંશત: હળવા કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય પાંચ જિલ્લાઓમાં સંપૂર્ણ લોકડાઉન ચાલુ રહેશે. આ પાંચ જિલ્લામાં રાઉન્ડ ધ ક્લોક કર્ફ્યુ રહેશે. નવી સૂચના મંગળવારે સવારે પાંચ વાગ્યાથી અમલમાં આવશે અને આગળના ઓર્ડર સુધી અમલમાં રહેશે.

## તાલિબાનનો આતંક યથાવત્: કાબૂલમાં રાષ્ટ્રપતિ ભવન પાસે રોકેટ છોડ્યા

કાબૂલ,

અફઘાનિસ્તાનનું પાટનગર કાબુલ ફરી એક વખત વિસ્ફોટથી ધ્રુજી ઉઠ્યુ છે. મંગળવાર સવારે કાબુલમાં રાષ્ટ્રપતિ ભવન પર રોકેટ હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલો તે સમયે થયો જ્યારે રાષ્ટ્રપતિ અશરફ ગની બકરી ઈદની નમાજમાં ભાગ લઈ રહ્યા હતા. અફઘાનિસ્તાન મીડિયા રિપોર્ટ અનુસાર, સ્થાનિક સમય અનુસાર આ હુમલો સવારે ૮ વાગ્યાની નજીક થયો હતો, જે જગ્યા પર વિસ્ફોટ થયો તે રાષ્ટ્રપતિ ભવનની નજીક છે. આ હુમલાને લઈને માનવામાં આવી રહ્યુ છે કે હુમલાનો નિશાન અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગની હોઈ શકતા હતા.



મીડિયા રિપોર્ટ અનુસાર, રાષ્ટ્રપતિ ભવન અને ગ્રીન જોનની આસપાસના વિસ્તારમાં ત્રણ રોકેટ છોડવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યુ કે અફઘાનના પાટનગર કાબુલના રાષ્ટ્રપતિ ભવન પાસે ઓછામાં ઓછા ત્રણ રોકેટ છોડવામાં આવ્યા હતા. ઈદની નમાજ સમયે રાષ્ટ્રપતિ ભવન પાસે કાબુલમાં બાગ-એ-અલી મર્દન, ચમન-એ-હોજોરી વિસ્તારમાં અને મનાબી બશારી વિસ્તારમાં રોકેટથી હુમલો કરવામાં આવ્યો હતો. મહત્વપૂર્ણ છે કે લાંબા સમયથી અહી સુરક્ષા દળ અને આતંકીઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે.

મહત્વપૂર્ણ છે કે બે દાયકા સુધી અફઘાનિસ્તાનમાં રહ્યા બાદ અમેરિકન સેના પરત ફરી ચુકી છે, જે બાદ તાલિબાન ઝડપથી કબજો કરી રહ્યુ છે. અમેરિકન અને નાટો સૈન્યની ટુકડીઓ રવાના થયા સાથે જ તાલિબાનને ખતમ કરવા માટે અમેરિકાએ પશ્ચિમી દેશઓ સાથે મળીને યુદ્ધ લડ્યુ હતું, તે ફરી અફઘાનિસ્તાનના કેટલાક ભાગમાં પોતાનો કબજો કરવાનું શરૂ કરી ચુક્યુ છે.

## કોરોના હાંફ્યો: દૈનિક કેસ ૪ મહિનાના તળીયે

ન્યુ દિલ્હી,

મહામારીની ત્રીજી લહેરની આશંકાઓ વચ્ચે દેશમાં કોરોનાવાયરસના દૈનિક મામલામાં ગિરાવટ જોવા મળી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મંગળવારે આંકડા જાહેર કરતા જણાવ્યું કે પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાવાયરસના ૩૦૦૯૩ નવા કેસ મળ્યા છે અને ૩૭૪ લોકોના મોત થયાં છે. આ ઉપરાંત ગત એક દિવસમાં કોરોનાના ૪૫૨૫૪ દર્દીઓ સાજા થઈ પોતાના ઘરે પહોંચી ગયા છે. રિકવરી રેટ પણ વધીને ૯૭.૩૭% થઈ ગયો છે. આ નવા આંકડાઓ સાથે દેશમાં સંક્રમણના કુલ મામલા વધીને ૩ કરોડ ૧૧ લાખ ૭૪ હજાર ૩૨૨ અને સાજા થનાર દર્દીઓની સંખ્યા ૩ કરોડ ૩ લાખ ૫૩ હજાર ૭૧૦ થઈ ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે આ વર્ષે કોરોનાના દૈનિક મામલામાં ૧૨૫ દિવસ બાદ સૌથી મોટી ગિરાવટ આવી છે. જ્યારે દેશમા કોરોનાવાયરસના દર્દીનો રિકવરી રેટ પણ સતત ગગડી રહ્યો છે અને હાલ ૯૭.૩૫ ટકા છે. રિકવરી રેટમાં તેજીના કારણે દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ઘટીને ૪ લાખ ૬ હજાર ૧૩૦ બચ્યા છે. આ ઉપરાંત કોરોના મામલાનો પોઝિટિવિટી રેટ ૧.૬૮ ટકા છે, જે સતત ૨૯મા દિવસે ૩ ટકાથી નીચે બનેલો છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર બીજી લહેરના પ્રકોપથી બહાર નિકળવાની કોશિશ કરી રહ્યું છે, પરંતુ એક એવો જિલ્લો છે જેમાં સતત વધતા કેસ મહારાષ્ટ્રને મહામારીમાંથી બહાર નીકળવા નથી દેતા. આ એવો જિલ્લો છે જે પીક દરમિયાન બિલકુલ શાંત હતો, પરંતુ હવે રાજ્યના દરરોજના ૨૫ ટકા કેસ લોડ અને ૧૮ ટકા મોત નોંધી રહ્યો છે. જિલ્લામાં કુલ ૧૩૬૮ લોકોએ વેક્સીનના બે ડોઝ મેળવી લીધા છે, જ્યારે ૫,૭૪૫ લોકોએ સિંગલ ડોઝ મેળવ્યો છે. એપ્રિલમાં જ્યારે મહારાષ્ટ્રી બીજી લહેરના ચરમ પર હતું, ત્યારે કોલ્હાપુર જિલ્લામાં દરરોજ ૧૦૦ મામલા પણ નહોતા આવતા. જિલ્લામાં માત્ર ૭૫૮ એક્ટિવ દર્દી હતા. પરંતુ જુલાઈમાં મહારાષ્ટ્રના કુલ મામલાનો લગભગ ૧૮% ભાગ અહીંથી જોવા મળી રહ્યો છે. બીજી લહેરની પીક દરમિયાન કોલ્હાપુરે રાજ્યના કેસલોડમાં ૦.૨૨થી ૧% ની જ ભાગીદારી દેખાડી હતી. હવે આ જિલ્લો દરરોજ રાજ્યના ૨૫% કેસલોડ રિપોર્ટ કરી રહ્યો છે, રાજ્યના ૧૮% દર્દીઓના મૃત્યુ પણ કોલ્હાપુરમાં જ થયાં છે. ભારતમાં અત્યાર સુધીમાં ૪૦.૫ કરોડ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે, જેમાંથી ૮.૩ કરોડ લોકોને વેક્સીનના બંને ડોઝ આપી દેવાયા છે. ભારતની કુલ ૬.૧% વસ્તીને વેક્સીનના બંને ડોઝ મળી ગયા છે.

## કોરોના-ફોન ટેપિંગ મામલે લોકસભામાં હંગામો: ગુરૂવાર સુધી સ્થગિત

ન્યુ દિલ્હી,

ચોમાસુ સત્રના બીજા દિવસની શરૂઆત હંગામા સાથે થઈ હતી. જેના કારણે લોકસભાની કાર્યવાહી ગુરુવારે સવારે ૧૧ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી છે.

ચોમાસુ સત્રમાં અનેક મુદ્દાને લઈને વિપક્ષ સરકાર પર આકરા પ્રહાર કરી રહી છે. નોંધનિય છે કે પહેલા દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમાં પ્રધાનોની ઓળખ પણ કરાવી શક્યા ન હતા. ફોન ટેપીંગ દ્વારા જાસૂસીનો મામલો પહેલા દિવસે જ ગૃહમાં ગુજ્યો હતો. તે જ સમયે, કોરોનાની ભયાનક મહામારી, ખેડુતોનું આંદોલન, મોંઘવારી, બેરોજગારી, પેટ્રોલ-ડીઝલના ભાવ, ચીન અને રાફાલ જેવા મુદ્દાઓ પર બબાલ હજુ બાકી છે.



શિવસેનાના સાંસદ સંજય રાઉતે કોરોનાને લઈને કેન્દ્ર પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે રસીકરણના મુદ્દે ભારે પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે રસીનું સંકટ ચાલુ છે, પરંતુ મોટા મોટા દાવા કરવામાં આવી રહ્યા છે. રસીકરણ કેન્દ્રમાં ખરાબ સ્થિતિ છે. કેન્દ્ર કોરોનાની બીજી લહેરમાં દેશની સ્થિતિ માટે જવાબદાર છે.

રાજયસભામાં આરજેડીના સાંસદ મનોજ ઝાએ કહ્યું હતું કે, આપણે માફીનામુ મોકલવુ જોઈએ, જે પરિવારના સભ્યોની લાશો ગંગામાં વહેતી હતી, જે લોકો આ મહામારીમાં મરી ગયા, તેમની પીડા જ આંકડો છે. હું આજે કોઈ પણ પક્ષ વતી બોલતો નથી, હું આજે લાખો માટે બોલું છું.

કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કોરોના પર નિવેદન આપ્યું. તેમણે કોરોનામાં પોતાનો જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ અર્પી. આ પછી, તેમણે કોરોનાની દુર્ઘટના સંદર્ભે સરકાર પર પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે આટલા મોટા દેશમાં કોરોનાને કારણે કેટલા લોકોના મોત થયા, તે રહસ્ય રહેશે? સરકાર દેશમાં કોરોનાને કારણે ૪ લાખથી વધુ લોકોના મોત જણાવે છે., સરકાર જે ખોટા આંકડા જાહેર કરી રહી છે તે સત્યથી દૂર છે. સરકારે માનવું જોઈએ કે તે કોરોનામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. આરએસએસ પર નિશાન સાધતા ખડગે કહ્યું કે આરએસએસના વડા મોહન ભાગવતે ૧૫ મે ૨૦૨૧ ના ??રોજ કહ્યું હતું કે જેઓ ચાલ્યા ગયા તેઓ મુક્ત થઈ ગયા. છેવટે, સરકારને સમર્થન આપતા સંઘની નીતિ અને હેતુ શું છે, તે આ વાત પરથી સ્પષ્ટ થાય છે?

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. આર. રાઠવા
મુ. રાનીપુરા, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. કે. બારીઆ
મુ. ખાણપાટલા, તા. ઘોઘંબા

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સંતરામપુર શિકારી ફળીયામાં ગેરકાયદેસર ગર્ભપાતના કિસ્સા LCB પોલીસે ચાર મહિલાઓની ધરપકડ કરી



લુણાવાડા,
સંતરામપુર ગેરકાયેસર ગર્ભપાત મામલામાં ગર્ભપાત કરનાર ૪ પૈકી બે મહિલાઓની ધરપકડ કરી છે. પોલીસ આ બન્ને મહિલાઓની પુછપરછ કરવામાં આવે તો વધુ નામો ખુલે તેવી શકયતાઓ છે.

સંતરામપુરમાં ગેરકાયદેસર ગર્ભપાતના કિસ્સામાં મહિસાગર પોલીસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી અને ગણતરીના કલાકોમાં બે મહિલાઓની ધરપકડ કરવામાં આવી હતી. ગર્ભપાતનો વિડીયોમાં દેખાતા સ્થળની તપાસમાં શિકારી ફળીયાનો હોવાનું સામે આવ્યું હતું અને વિડીયોમાં દેખાતી મહિલા કાળીબેન સંગાડા હોવાની પુષ્ટી થઈ હતી. કાળીબેન સંગાડા સંતરામપુરની પ્રિયલ હોસ્પિટલમાં ૨૦ વર્ષથી નોકરી કરતી હતી અને શિકાળી ફળીયામાં ભાડાના મકાનમાં રહેતી હતી. મહિસાગર એલસીબી પોલીસની તપાસમાં કાળીબેનના ભાડાના મકાનની પાછળ થી સીરીન તેમજ ડાઘાવાળા કપડા મળી આવ્યા હતા. એલસીબી પોલીસે વિડીયોમાં દેખાતી બે મહિલાઓની ધરપકડ કરાઈ હતી. જયારે અન્ય બે મહિલાઓની પણ ધરપકડ કરતા સંતરામપુર ગર્ભપાતના કિસ્સામાં ચાર મહિલાઓની ધરપકડ કરાઈ છે. ગર્ભપાત કરવામાં મુખ્ય કાળીબેન સંગાડા અને ત્રણ સહાયક તરીકે કામ કરતી હતી. મહિસાગર પોલસી સંતરામપુર શિકારી ફળીયામાં ગેરકાયદેસર ગર્ભપાત કરાવવાના કિસ્સામાં એક મુખ્ય અને ૩ સહાયક મહિલાઓ વિરૂદ્ધ મેડીકલ પ્રેકટીશનર એકટ -૨૫ તથા ધી મેડીકલ ટમીનેશન ઓફ પ્રેગનન્સી (એમ.ટી.પી.) ૧૯૭૧ની કલમ ૪,૫ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

- સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે ત્રણ વર્ષથી ભાડાના મકાનમાં ગર્ભપાતનો ગોરખધંધો ચાલતો હતો.
- સંતરામપુરમાં ગર્ભપાતના અપમાનિનીય અપરાધ.
- ચાર મહિલાઓની પુછપરછ હાથ ધરાઈ વધુ સંડોવણી બહાર આવે તેવી શકયતા.

સંતરામપુર શિકારી ફળીયામાં ભાડાના મકાનમાં રહેતી કાળીબેન સંગાડા ભાડાના મકાનમાં મહિનામાં બે થી ત્રણ વાર બહાર થી લોકો આવતા હતા અને છેલ્લા ૩ વર્ષથી કાળીબેન અને તેની સાગરીતો દ્વારા ગર્ભપાતનો ગોરખધંધા ચલાવવામાં આવતો હતો. તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે.

## જિલ્લા કક્ષાની સ્પર્ધા તા.૦૨ ઑગસ્ટ ૨૦૨૧ થી ૧૯ ઑગસ્ટ ૨૦૨૧ રાજયકક્ષાની સ્પર્ધા તા.૨૭ ઑગસ્ટ ૨૦૨૧

લુણાવાડા,
મુખ્યમંત્રી દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૦ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી મોબાઈલ ટૂ સ્પોર્ટસના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના(કોવીડ-૧૯)ની મહામારીના વિષમ સંજોગોમાં ફેસબૂક, વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવૃત્તિઓમાં અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મોબાઈલટૂ સ્પોટ્‌ર્સની નવી યોજના મંજૂર કરેલ છે.આ યોજનાને મોબાઈલ ટૂ સ્પોટ્‌સફિસબૂકપેજ, યુ-ટ્યુબ ચેનલ, રેડિયો ક્વીઝ, ચિત્રસ્પર્ધા, ટેલીવિઝન તેમજ સોશિયલ મીડીયા સંબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડીયો/વિડીયો ક્લીપ રજૂ કરી યૂવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

આ હેતુને સુચારૂ પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી મહીસાગર દ્વારા સંયુકતરીતે ગાયન, સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાન), લોકગીત/ભજન સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં ૬ થી ૧૪ વર્ષ,૧૫ થી ૨૦ વર્ષ,૨૧થી ૫૯ વર્ષ તેમજ ૬૦ વર્ષથી ઉપરના વય જૂથમાં ભાગ લઈ શકશે. તેમના ઉંમરના પુરાવા માટે આધારકાર્ડ/ ચૂંટણી કાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સ તેમજ બેન્ક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ પણ રજુ કરવાની રહેશે.

ઉક્ત સ્પર્ધાની વીડિયો ક્લીપ સ્પર્ધકે તૈયાર કરી તા.૧૯/૦૮/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, રૂમ નં.૨૩૨, ૨ જો માળ,કલેકટર કચેરી, લુણાવાડા, મહીસાગરને સીડી અથવા પેનડ્રાઈવ મારફતે રૂબરૂ મોકલીશકાશે.સ્પર્ધકે વીડિયો ક્લીપમાં પોતાનું નામ, સરનામું, મોબાઈલ નં., ઈ-મેઈલ આઈ.ડી, સ્કુલનું નામ અને સરનામાનો ઉલ્લેખ પણ કરવાનો રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ!.૧૦૦૦/-, દ્રીતિય વિજેતાને રૂ!.૭૫૦/- તેમજ તૃતિય ઈનામ વિજેતાને રૂ!.૫૦૦/- ઈનામ આપવામાં આવશે.

રાજયકક્ષાની ગાયનસ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫૦૦૦/-,દ્રિતીય વિજેતાને રૂ.૧૫૦૦૦/-, તૃતીય વિજેતાને રૂ.૧૦૦૦૦/-એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ ટૂ સ્પોટ્‌ર્સ યોજના અંતર્ગત ફેસબૂક પેજ https://www.facebook.com/mobile2sports, A“¡ https://www.facebook.com/dsomahisagar તેમજ યુ-ટ્યુબ ચેનલની લીંક http://www.youtube.com/channel/UCzsiROvtHpN4rKensUaz-g પરથી મળી શકશે.

આ સ્પર્ધામાં વધુમાં વધુ સ્પર્ધકો જોડાય તે માટે જિલ્લા રમતગમત અધિકારી, મહીસાગર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## મહીસાગર જિલ્લો કોરોનામુકત : સતત ત્રીસમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં સતત ત્રીસમા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા ત્રીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૦-૦૭-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે. હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૩૦૬૮૫૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## મહિસાગર જીલ્લા ભાજપ દ્વારા વૃધ્ધાશ્રમના વૃધ્ધોને વૃક્ષોનું દાન કર્યું



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
આજ રોજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી.આર. પાટીલને આજે પ્રમુખના એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. તે પ્રસંગે મહિસાગર જિલ્લા યુવા મોરચા દ્વારા મહિસાગર જિલ્લાના રાબડીયા ખાતે જીવન જ્યોત વૃદ્ધ વૃદ્ધાશ્રમ રહેતા તમામ વૃદ્ધોને આજે મહિસાગર જિલ્લા યુવા મોરચાના પ્રમુખ મયંક જોષી તેમજ તેમના બંને મહામંત્રીઓ વિરેન્દ્રભાઈ પટેલ, જયપાલસિંહ ગામના સરપંચ વૃદ્ધાશ્રમ ટ્રસ્ટી યોગેશભાઈ પટેલ યુવા મોરચાના કાર્યકરો હાજર રહી વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું.

**સી. આર. પાટીલ ના પ્રદેશ અધ્યક્ષ તરીકેના સફળતાં પૂર્વક ૧ વર્ષ પૂર્ણ થતાં ભાજપ કાર્યકર્તાઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.**



## મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના વાકડી ગામે ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
ભારતીય જનતા પાર્ટી મહિસાગર જિલ્લાના પ્રમુખ દશરથસિંહ બારીયાના માર્ગદર્શન હેઠળ બક્ષીપંચ મોરચાના પ્રમુખ કાળુસિંહ સોલંકીની આગેવાની હેઠળ આજરોજ પાટડી ગામમાં આશાપુરાના મંદિરના ચોકમાં વૃક્ષ રોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો. તેમાં મહિસાગર જિલ્લાના બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ દિલીપભાઈ વાડી તથા મંત્રી રણજિતસિંહ દ્વારા વૃક્ષારોપણકરવામાં કરવામાં આવ્યું. તે પ્રસંગે ગ્રામજનોના સાથ અને સહકારથી વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## લુણાવાડા વૃંદાવન હોટલ સામે ટ્રક ડીવાઈડર ઉપર ચડી જતાં જાનહાનિ ટળી



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
લુણાવાડા તાલુકામાં વૃંદાવન હોટલ સામે વહેલી સવારે પુરઝડપે પસાર થતી ટ્રકના ચાલકે સ્ટીયરીંગ પરના કાબુ ગુમાવી દેતાં ટ્રક ડીવાઈડર ઉપર ચડી ગયેલ હતી. સદ્દનસીબે કોઈ જાનહાનિ ટળી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે લુણાવાડામાં વૃંદાવન હોટલ સામે થી વહેલી સવારે પુરઝડપે પસાર થતી ટ્રકના ચાલકે ઓવર ટ્રેક કરવામાં સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેને લઈ રોડ વચ્ચેના ડીવાઈડર ઉપર ટ્રક ચડાવી દીધી હતી. સદ્દનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

## વલસાડમાં નદી-નાળાઓ લીધું રૌદ્ર સ્વરૂપ, ત્રણ દિવસ દ.ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

વલસાડ,
વલસાડ જિલ્લામાં સતત બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. જેના કારણે જિલ્લાના તમામ નદી-નાળાઓ બે કાંઠે વહી રહ્યા છે. વલસાડ જિલ્લાની ઔરંગા નદી, દમણ ગંગા, પાર અને કોલક નદી પણ બે કાંઠે વહી રહી છે. સાથે જ વરસાદની આગાહીના પગલે એનડીઆરએફની એક ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. વલસાડમાં રહેલી એનડીઆરએફની ટીમ પણ એક્શન મોડ પર આવી છે.

વલસાડ જિલ્લાના મધુબન ડેમમાંથી દમણગંગા નદીમાં ૭૫૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવતાં નદી કિનારાના ગામના લોકોને સાવચેત રહેવાની સૂચના આપવામાં આવી હતી અને જો જરૂર જણાય તો રાહત બચાવની કામગીરી કેવી રીતે કરવી તેના માટે એનડીઆરએફની ટીમે ઓરંગા નદીમાં એક મોક ડ્રિલનું આયોજન કર્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૧-૦૭-૨૦૨૧, બુધવાર, અષાઢ સુદ-૧૨, સૂર્યોદય-૬-૧૫, સૂર્યાસ્ત-૭-૩૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

- શુભ ચોઘડીયા -

૬-૧૫ થી લાભ-અમૃત-૯-૩૪ સુધી, ૧૧-૧૪ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૬-૧૨ થી ચલ-લાભ-૧૯-૩૨ સુધી, ૨૦-૫૨ થી શુભ-અમૃત-ચલ ૨૪-૫૩ સુધી

- શુભ હોરા-

૬-૧૫ થી ૮-૨૮ સુધી,૯-૩૪ થી ૧૦-૪૧ સુધી,૧૨-૫૩ થી ૧૬-૧૨ સુધી,૧૭-૧૮ થી ૧૮-૨૫ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૧.૦૭.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે.

વૃષભ(બ.વ.ઉ.):- તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

કર્ક(ડ.હ.):- મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

સિંહ(મ.ટ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

કન્યા(પ.ઠ.ણ.):- મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

તુલા(ર.ત.):- બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

મકર(ખ.જ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે.

કુંભ(ગ.શ.સ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.

મીન(દ.ચ.ઝ.):- તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

## પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે નિવાસી અધિક કલેક્ટરના અધ્યક્ષસ્થાને આર્મી ભરતી મેળાની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,
ગોધરાના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, કનેલાવ ખાતે ૫મી ઓગસ્ટથી ૨૨ ઓગસ્ટ સુધી યોજાનાર આર્મીના મેગા ભરતી મેળાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આજે નિવાસી અધિક કલેક્ટર એમ.ડી. ચુડાસમાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવાસદન ખાતે મેળાની તૈયારીઓ અંગે સંબંધિત અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. મેળાને દ્યાનમાં રાખીને અધિકારીઓને સોંપાયેલી કામગીરીમાં થયેલ પ્રગતિની વિગતો મેળવતા આયોજન બાબતની મૂંઝવણો અંગે માર્ગદર્શન આપ્યું હતું. ૨૦ જેટલા જિલ્લાઓ અને કેન્દ્રશાષિત પ્રદેશોમાંથી ભરતી મેળા માટે ઉમેદવાર આવવાના હોવાથી તેઓ માટે પરિવહન સુવિધાઓ, રાત્રિ રોકાણ કરવાના ખાનગી-સરકારી સ્થળો, વાજબી ભાવે જમવાની વ્યવસ્થા, પીવાના પાણી, શૌચાલય, પાર્કિંગ સહિતની વ્યવસ્થાઓ અંગે અત્યાર સુધી થયેલા આયોજન અંગે માહિતી મેળવતા નિવાસી અધિક કલેક્ટરએ વ્યાપક સૂચનો-માર્ગદર્શન આપ્યા હતા. એસ.ટી. મારફતે અન્ય જિલ્લામાંથી મેળાના સ્થળે આવતા ઉમેદવારો મેળાના સ્થળે અગવડ ભોગવ્યા વિના અને ભીડ કર્યા વગર જઈ શકે, સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય, કાયદો અને વ્યવસ્થા જળવાય તે પ્રકારે વ્યવસ્થા ગોઠવવા સૂચના આપી હતી. મેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ ૭૨ કલાકમાં કરાવેલ કોવિડ-૧૯ નેગેટિવ રિપોર્ટ ફરજિયાત હોવાથી પંચમહાલ જિલ્લાના ઉમેદવારોને પોતાના વારાના દિવસ પહેલા પીએચસી, સીએચસી સહિતના આરોગ્યકેન્દ્રો પરથી આ ટેસ્ટ અને પરિણામ મળી જાય તે અને મેળાના સ્થળે જરૂર પ્રમાણે આરોગ્ય ટીમની વ્યવસ્થા કરવા ચુડાસમાએ નિર્દેશ આપ્યા હતા. અંદાજિત ૫ થી ૭ હજાર ઉમેદવારો પ્રતિદિન ગોધરા ખાતે મેળામાં ભાગ લેવા આવવાના હોવાથી સોશિયલ ડિસન્ટન્સિંગના પાલન, ચોમાસું હોવાથી વરસાદની સંભાવનાને લઈને મેળાના સ્થળ, રોકાણની જગ્યાઓ પર લેવાના સાવચેતીના પગલા, અવિરત વીજ-પુરવઠો, જનરેટરની વ્યવસ્થા સહિતની વિવિધ શક્યતાઓને દયાનમાં રાખીને આયોજનના વિવિધ પાસાઓ અંગે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં પ્રાંત અધિકારી ગોધરા એનબી રાજપૂત, પ્રાંત અધિકારી એ.કે.ગૌતમ, નાયબ પોલિસ અધિક્ષક હિમાલા જોષી, રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ, કાર્યપાલક ઈજનેર માર્ગ-મકાન (સ્ટેટ) એન.સી. ભટ્ટ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી પરમાર, જિલ્લા મુખ્ય તબીબી અધિકારી ડો. મોના પંડ્યા સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લામાં પખવાડિયાથી કોવેક્સીનનો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી બીજા ડોઝના લાભાર્થીઓ અટવાઈ પડ્યા



દાહોદ,

દાહોદ જિલ્લામાં રસીકરણની કામગીરી ચાલી રહી છે પરંતુ ઘણી વખત વેક્સીનની અછતને કારણે લાભાર્થીઓને ધક્કા પણ ખાવા પડે છે. બીજી તરફ જેઓએ કોવેક્સીન મુકાવી છે એવા લાભાર્થીઓ હાલ વધુ મુશ્કેલીમાં મુકાયા છે.કારણ કે છેલ્લા ૧૫ દિવસથી જિલ્લામાં કોવેક્સીનનો જથ્થો ઉપલબ્ધ નથી. તેને કારણે બીજો ડોઝ લેનારા ઘણાં લાભાર્થીઓ અટવાઈ પડ્યા છે.

દાહોદ જિલ્લામાં તારીખ ૧૭ જુલાઈ સુધીમાં કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ કુલ ૫,૦૮૧૬૩ લોકોએ લઈ લીધો છે.જ્યારે ૨,૪૦,૬૧૪ લાભાર્થીઓએ રસીના બંન્નો ડોઝ મુકાવી લીધા છે.જિલ્લામાં હવે સરકારની માર્ગદર્શિકા પ્રમાણે સપ્તાહમાં પાંચ દિવસ જ રસીકરણ કરવામાં આવે છે ત્યારે આ દિવસોમાં પણ રસીનો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી લાભાર્થીને ધક્કા ખાવા પડે છે.ઘણી વાર રસીના અભાવે ફક્ત બીજો ડોઝ લેવાનો હોય તો જ રસીકરણ કરવામાં આવે છે.

કોવિશિલ્ડની રસી મુકાવનારા લાભાર્થીઓની સંખ્યા વધારે છે.તે પ્રમાણે સત્તાવાર આંકડા પ્રમાણે દાહોદ જિલ્લામાં કુલ૪,૬૨,૯૨૫ લાભાર્થીઓએ પ્રથમ ડોઝ અને ૨,૦૬૯૩૦ લાભાર્થીઓએ કોવિશિલ્ડનો બીજો ડોઝ પણ મુકાવી દીધો છે.બીજી તરફ કોવેક્સીનના લાભાર્થીઓ ઓછા છે.તે પ્રમાણે૪૫,૨૩૮ લાભાર્થીઓએ પ્રથમ અને ૩૩,૬૮૪ લાભાર્થીઓએ કોવેક્સીનનો બીજો ડોઝ પણ લઈ લીધો છે. આમ કુલ ૭૮,૯૨૨ લાભાર્થીઓએ કોવેક્સીનની પસંદગી હાલ સુધીમાં કરી છે.ત્યારે ૧૧,૫૫૪ લાભાર્થીઓને કોવેક્સીનનો બીજો ડોઝ આપવાનો બાકી છે.તેમ છતાં જિલ્લામાં કોવેક્સીનનો જથ્થો નિયમિત ન આવતો હોવાને કારણે તેના લાભાર્થાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત માહિતી પ્રમાણે છેલ્લા ૧૫ દિવસથી કોવેકેસીનનો જથ્થો રાજ્ય કક્ષાએથી આવતો નથી. હવે આજ કાલમાં કોવેક્સીનનો જથ્થો આવવાની સંભાવના છે ત્યારે કેટલો જથ્થો આવશે તે પણ એટલું જ અગત્યનુ છે.

દાહોદ જિલ્લામાં કોરોના વેક્સિનેશનના બીજા ડોઝ ખુટી જવાના મામલે દાહોદ જિલ્લાના આરોગ્ય અધિકારી સાથે ટેલીફોનીક વાતચીત કરતાં તેઓની પાસેથી જાણવા મળ્યાં અનુસાર, હાલ દાહોદ જિલ્લામાં ૧૦૦૦ કોરોના વેક્શિનેશનનો જથ્થો આવ્યો છે. જેમ જેમ કોરોના વેક્સિનેશનનો જથ્થો આવશે તેમ તેમ લોકોને તેમની સુધી પહોંચાડવામાં આવશે. વહેલા તે પહેલા ના ધોરણે વેક્સિનેશનની કામગીરી આરંભ કરવામાં આવશે, તેમ દાહોદ જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.

# દાહોદની સખીમંડળની મહિલાઓ વીજમીટર રીડિંગનું કામ કરીને આર્થિક-સામાજિક સમીકરણોમાં લાવી રહી છે પરિવર્તન

દાહોદ,

પુરૂષ આધિપત્ય ધરાવતા ક્ષેત્રોમાં મહિલાઓએ પોતાની ક્ષમતા સાબિત કરી છે. વર્ષોથી જે ક્ષેત્રોમાં મહિલાઓ કામ કરી શકે તેવી આપણે કલ્પના પણ કરી ન હોય તેવા ક્ષેત્રોમાં હવે મહિલાઓ પુરૂષોને બરાબરની ટક્કર આપી રહી છે. પુરૂષોના એકાધિકાર ધરાવતા વીજમીટર રીડિંગના કામમાં રાજ્ય સરકારની પહેલથી દાહોદ જિલ્લાના વિવિધ સખીમંડળની આદિવાસી મહિલાઓ વીજમીટર રીડિંગનું કામ કરી આર્થિક રીતે સ્વનિર્ભર તો બની જ છે, સાથે સમાજના સમીકરણો પણ બદલી રહી છે.

દાહોદ જિલ્લાની ૨૫ સખીમંડળની મહિલાઓ છેલ્લા ત્રણ વર્ષથી મધ્ય ગુજરાત વીજ કંપનીમાં વીજમીટર રીડિંગની કામગીરી ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં નિષ્ઠાપૂર્વક બજાવી રહી છે અને મહિને ૧૦ હજારથી વધુનો પગાર મેળવે છે. તેમ કહેતા કાર્યપાલક ઈજનેર પંકજ થાનાવાલા કહે છે છેલ્લા એક વર્ષની વાત કરીએ તો આ મહિલાઓએ રૂ. ૨૫,૮૦,૭૯૯ નો પગાર કમિશન પેટે મેળવ્યો હતો. એટલે કે ૨૫ લાખથી વધુનો. વીજ કંપની સાથે કામ કરવા જોડાયા બાદ મહિલાઓ નિયમિત પગાર મેળવતા સારી એવી આર્થિક સ્વતંત્રતા હાસલ કરી છે. ઉપરાંત મહિલાઓના દરેક ક્ષેત્રમાં પદાર્પણથી સમાજની અમૂક ધારણાઓમાં ધીમી પણ મક્કમ ગતિથી પરિવર્તન આવી રહ્યું છે તે ચોક્કસ છે.

દાહોદમાં વીજમીટર રીડિંગની કામગીરી કરતી આ મહિલાઓના આર્થિક જીવનમાં પણ વ્યાપક પરિવર્તન આવ્યું છે. આ મહિલાઓમાંથી મોટાભાગની મહિલાઓ તેમના ઘરની મુખ્ય કમાનાર બની છે. એટલું જ નહિ નિયમિત આવકથી તેમનું જીવનધોરણ પણ ઊંચું આવ્યું છે. તેમના બાળકોના શિક્ષણ માટે પણ તેઓ યોગ્ય રીતે ધ્યાન આપી શકે છે. વીજ કંપનીમાં કામ કરવા માટે લઘુત્તમ લાયકાત ધોરણ ૧૦ કે ૧૨ પાસ છે જયારે આ તમામ મહિલાઓ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે એટલે કે મહાવિદ્યાલય સુધી અભ્યાસ કર્યો છે.



દાહોદના અંતરિયાળ ડુંગરાળ વિસ્તારોમાં અટપટા રસ્તાઓવાળા ફળિયાઓમાં ઘરે ઘરે જઈને વીજમીટર રીડિંગનું કામ કરવું સહેલું નથી, પરંતુ સખીમંડળની મહિલાઓએ કામને એટલી સરસ રીતે નિભાવ્યું છે કે તેમનું કામ સર્વત્ર પશંસાને પાત્ર બન્યું છે. શિયાળાની કંપકપતી ઠંડી હોય કે ઊનાળાનો ધોમધખતો તાપ કે ધોધમાર વરસાદ આ મહિલાઓએ પોતાના કામમાં કદી પાછી પાની કરી નથી. તેઓ પોતાના ગામ ઉપરાંત આસપાસના ચાર–પાંચ ગામના મીટર રીડીગનું કામ કરી લે છે અને તેમના કામ પ્રમાણે વીજ કંપની દ્વારા દરેક મીટર રીડિંગ ઉપર તેમને રૂ. ૬.૮૮ આપવામાં આવે છે. મહિલાઓ અંદાજે ૧૫૦૦ જેટલા ઘરોના મીટર રીડિંગ દર મહિને કરે છે અને મહિને રૂ. ૧૦ હજાર જેટલી આવક તેમને મળી જાય છે.

દાહોદના રોઝમ ગામના મનિષાબેન ભાભોર જણાવે છે કે, વીજ કંપનીમાં નોકરીથી નિયમિત આવક મળતી થઈ છે. આ કંપનીમાં જોડાયા બાદ મારા પોતાના ઘરનું સપનું પણ સાકાર થયું છે. આ અગાઉ આર્થિક રીતે ઘરની સ્થિતિ ખાસી નબળી હતી અને અમે બાળકોના ભણતર ઉપર ધ્યાન આપી શકતા નહોતા.

વીજમીટર રિડર તરીકેના પોતાના કામના અનુભવ વિશે જણાવતા બાવકા ગામના પ્રેમીલા બામણીયા જણાવે છે કે, શરૂઆતમાં લોકો વિશ્વાસ જ નહોતા કરતા કે વીજમીટર રીડિંગ માટે કોઈ મહિલા આવી છે. તેમને વિશ્વાસ અપાવવો પડતો. આ કામથી અમારા આર્થિક જીવન ઉપરાંત સામાજિક પ્રતિષ્ઠા અને આત્મવિશ્વાસમાં પણ વધારો થયો છે. શરૂઆતમાં કેવી રીતે કામ કરી શકીશું તેવી દ્વિધા હતી પરંતુ વીજમીટર રીડિંગ ઉપરાંત તેની સાથે જોડાયેલું કારકુની કામ પણ યોગ્ય રીતે કરી લઈએ છીએ.

દાહોદની મહિલાઓ વીજમીટર રીડિંગના કામથી આર્થિક સ્વતંત્રતા તો મેળવી જ રહી છે સાથે સાથે સામાજિક માન્યતાઓમાં પણ પરિવર્તન લાવી રહી છે.

# દાહોદ જિલ્લાના તમામ ગામોમાં નલ સે જલનો પ્લાનિંગનો તબક્કો પૂર્ણ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી યોજના એવી નલ સે જલમાં દાહોદ જિલ્લો નિર્ણાયક તબક્કે પહોંચી ગયો છે. કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આજે વધુ ૧૧ યોજનાઓને મંજૂરી આપતાની સાથે જ નલ સે જલ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના તમામ ગામોમાં ઘર સુધી પીવાનું પાણી પહોંચાડવા માટેનું સો ટકા આયોજન થઈ ગયું છે.

જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના ચેરમેન ડો. ગોસાવીએ આ માસના પ્રારંભે રૂ. ૪૦૦ કરોડના કામોને મંજૂરી આપ્યા બાદ આજે તે વખતે બાકી રહી ગયેલા ૧૧ ગામોની પાણી પુરવઠા યોજનાઓને મંજૂરી આપી દીધી છે. આ મંજૂરી આપતાની સાથે નલ સે નલ યોજનાનો આયોજનનો મહત્વનો તબક્કો પૂર્ણ થઈ ગયો છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સમગ્ર ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ ઘરોમાં નળ મારફત પાણી પહોંચાડવાના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આ મહત્વનું કદમ છે.

જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની આજે મળેલી બેઠકમાં ફતેપુરા તાલુકાના ડુંગરા, આસપુર, પાડલિયા, પીપલારા, ખૂંટા, દાહોદ તાલુકાના વાંદરિયા, ખરોડ, ગલાલિયાવાડ, ઝાલોદના લીમડી અને ખેડા તથા લીમખેડા તાલુકાના પીપલાપાની ગામના કુલ મળી ૧૧૭૪૭ ઘરોને રૂ. ૧૦૮૨ લાખના ખર્ચથી પાણી પહોંચાડવામાં આવશે.

આ બેઠકમાં એવો પ્રશ્ન પણ ઉઠ્યો હતો કે નલ સે જલ યોજનામાં કેટલાક ગામોના સરપંચો સહકાર આપતા નથી તો કેટલાક ગામની પાણી સમિતિઓ યોજનામાં પૂરા થઈ ગયેલા કામો બદલ ચૂકવણા કરવામાં દાંડાઈ કરે છે. આ બાબતની ગંભીર નોંધ લેતા જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે જણાવ્યું કે, ગ્રામીણ વિસ્તાર માટે અતિજરૂરી એવી નલ સે જલ યોજનાના અમલીકરણમાં આડખીલ્લી બનતા સરપંચો સામે પંચાયત અધિનિયમ મુજબના પગલાં લેવામાં આવશે. તેમણે આવા ગામોની યાદી તૈયાર કરવા માટે વાસ્મોના અધિકારીઓને સૂચના આપી છે.

નિવાસી અધિક કલેક્ટર એ. બી. પાંડોર, વાસ્મોના કાર્યપાલક ઈજનેર ડી. આર. મોઢિયા, નિયામક સી. બી. બલાત, પ્રાંત અધિકારી રાજ સુથાર, ગણાસવા, ચૌધરી પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લાના ઉ.મા.શિક્ષક સંઘ દ્વારા શિક્ષકો અને કર્મચારીઓને પડતર પ્રશ્નોને લઈ આંદોલનની ચિમકી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા માધ્યમિક સંઘ દાહોદ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓમાં શિક્ષક કર્મચારીઓના અગત્યના પડતર પ્રશ્નો બાબતે થયેલ સમાધાન, જાહેરાતનો અમલ નહીં થતાં ગાંધી ચિન્દયા માર્ગે આંદોલન કરવા બાબતનું એક આવેદનપત્ર દાહોદ જિલ્લાના કલેક્ટર, જિલ્લા શિક્ષણાધિકારી, સાંસદ તેમજ ધારાસભ્ય વિગેરે આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, અનુદાનિત મા.અને ઉ.મા. શાળાઓના શિક્ષક કર્મચારીઓની પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી તમામ હેતુઓ માટે સળંગ ગણવા બાબત, સાતમાં પગાર પંચનું એરીયર્સ પાંચ હપ્તામાં ચુકવવા સંદર્ભ – ૨થી જાહેરાત કરેલ છતાં છેલ્લા ત્રણ વર્ષના હપ્તા રોકડમાં ચુકવાયેલા નથી. જે તાત્કાલિક ચુંકવવા બાબત, તારીખ ૧૯.૦૧.૨૦૨૧ના ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ ગાંધીનગરના બિનશરતી ફાજલના કાયમી રક્ષણના પરિપત્રમાં રહેલી વિસંગતતાઓ અને વાંધાજક મુદ્દાઓ દુર કરવા બાબત, સીપીએફ અને વર્ધિત પેન્શન યોજના નાબુદ કરી જીપીએફ અને જુની પેન્શન યોજનાનો અમલ કરવા બાબત જેવા અનેક પડતર પ્રશ્નો સંબંધે અગાઉ ગુજરાતના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તેમજ શિક્ષણ મંત્રી સાથે અધિકારીઓની ઉપસ્થિતમાં આ પ્રશ્નોનું સમાધાન થયું હતું પરંતુ સમાધાન જાહેર થયાના આજદિન સુધી તેનો અમલ નહીં થતાં સરકાર સામે શિક્ષક કર્મચારીઓમાં ઉગ્ર રોષની લાગણી અને નારાજગી જોવા મળી છે. પોતાના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતાં આવનાર દિવસોમાં પ્રથમ તબક્કામાં તારીખ જિલ્લા, તાલુકા, શહેર, ઘટક સંયુક્ત સંઘોના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા શિક્ષક કર્મચારીઓ તારીખ ૨૦.૦૭.૨૦૨૧ને મંગળવારના રોજ શાળા સમય પછી કોવિડ – ૧૯ ની ગાઈડ લાઈનના ચુસ્ત અમલ સાથે આવેદનપત્ર આપી રજુઆત કરી હતી બીજા તબક્કામાં મૌન ધરણા અને ત્રીજા તબક્કામાં ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ કરનાર હોવાનું જાણવા મળ્યું છે.

# તૈયારી રાખજો: ડિઝલના ભાવ આસમાને પહોંચતા લક્ઝરી બસમાં મુસાફરી મોંઘી થશે

અમદાવાદ,

કોરોનાની મહામારીએ હળવા પગલે વિદાય લીધી છે ત્યારે પેટ્રોલ- ડિઝલના વધતા સતત ભાવોને લીધે લોકોના ખિસ્સા પર આર્થિક માર પડયો છે. હવે તો ખાનગી લકઝરી બસમાં મુસાફરી કરવીય મોંઘી પડશે કેમ કે, અમદાવાદથી વિવિધ શહેરો વચ્ચે દોડતી ખાનગી લકઝરી બસોના ભાડામાં પણ ૨૦ ટકા સુધીનો વધારો થવા જઈ રહ્યો છે. આગામી તા. ૧લી જૂનથી નવા બસ ભાડાનો અમલ થશે.

કોરોનાની ગતિ મંદ પડી છે ત્યારે હવે લોકો ધીરે ધીરે બસોમાંય અવરજવર કરવા માંડયા છે. એસટી બસોની સરખામણીમાં ખાનગી લકઝરી બસોમાં જનારો એક અલાયદો વર્ગ છે. અમદાવાદ શહેરમાં પાલડી,ગીતામંદિર,બાપુનગર ઉપરાંત વસ્ત્રાપુર,શાહીબાગ ખાનગી લકઝરી બસના બસઅડ્ડા છે. હવે જયારે ડિઝલના ભાવો આસમાને પહોંચ્યા છે તે જોતાં ખાનગી લકઝરી બસ ઓપરેટરોએ પણ બસભાડામાં વધારો કરવા નક્કી કર્યુ છે.

અમદાવાદથી રાજકોટ, ભૂજ, જામનગર, સુરત અને જૂનાગઢ સહિતના શહેરોમાં ડેઈલી બસ સર્વિસ ચાલી રહી છે. કોરોનાકાળ બાદ અનલોક થયા બાદ અત્યારે ગુજરાતમાં ૧૫૦૦થી વધુ ખાનગી લકઝરી બસો દોડી રહી છે. નોન એસી અને એસી બસના ભાડામાં રૂા.૧૦૦ સુધીનો વધારો થશે.

બસ ભાડાના વધારા પાછળના કારણો અંગે બસ ઓપરેટરોનું કહેવુ છેકે, બે ટાયરનો ભાવ રૂા.૨૫ હજાર હતો તે વધીને રૂા.૩૪ હજાર થયો છે. ઈન્સ્યોરન્સનો ખર્ચ રૂા.૮૫ હજારથી વધીને રૂા.૧.૧૫ લાખ સુધી પહોંચ્યો છે. જયારે મહિને ટેક્સ ૪૪ હજાર સુધી ચૂકવવો પડે છે.

લોકડાઉન બાદ એવી કફોડી સ્થિતી છેકે, હપ્તા ન ભરતાં કેટલાય સંચાલકોની બસો બેંક દ્વારા સિઝરોએ જપ્ત કરી દીધી છે. ઘણાં બસ સંચાલકોએ બસો વેચવી પડી છે. આમ, ડિઝલના વધતા સતત ભાવોને પગલે બસ મુસાફરોના ખિસ્સા પર આર્થિક ભાર વધશે.

# આદિવાસી સંસ્કૃતિ મુજબ કોવિડ-૧૯ કોરોના વોરીયર્સનું સન્માન



દાહોદ,

પ્રકૃતિના સાંનિધ્યમાં પાંડવવન મુકામે તા.૧૮.૭.૨૧ના રવિવારે ૧૧:૩૦ કલાકે શાળાના સંયુક્ત નેજા હેઠળ સન્માન સમારોહ યોજ્યો. સૌપ્રથમ પ્રકૃતિને આહવાન કરતા રીતરિવાજો મુજબ ધાર નાખી કોરોના મહામારીમાં ગુમાવેલ આત્મયજનોનું મૌન રાખી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કોવિડ–૧૯ના કોરોના કાળની મહામારીમા બામણીયા કેતનભાઈએ જીવની પરવાહ કર્યા વગર કોરોના દર્દીઓને રાત–દિવસ જોયા વગર લોકોની દરેક મુશ્કેલીઓમા કેતનભાઈ દોડી જતા હતા. લોકોને સંપુર્ણ વિશ્વાસ આવી ગયો હતો કે દાહોદમા કોઈ પણ મુશ્કેલી હોય તો કેતનભાઈને યાદ કરી લોકો હાશકારો અનુભવતા હતા. લોકોને સંપુર્ણ વિશ્વાસ આવી ગયો કે કેતનભાઈ હશે એટલે કામ થઈ જશે. એટલા આત્મવિશ્વાસ સાથે કેતનભાઈનું નામ ગુંજતુ થઈ ગયેલ હતું. ઝાયડસ હોસ્પીટલમા હોય એટલે કેતનભાઈ હાજર હોય, અન્ય કોઈ જરૂરીયાત હોય એટલે કેતનભાઈ હાજર. આમ દાહોદમાં લોકમુખે કેતનભાઈનું નામ ચર્ચાતું. ધન્ય છે એમના પરિવારને જેમણે કેતનભાઈને લોકસેવા માટે પ્રોત્સાહન આપ્યું. એવા કોરોના વોરીયર્સનું સન્માન ભીલ પ્રદેશ વિદ્યાર્થી મોર્ચાના સ્થાપનાના છઠ્ઠા વર્ષની ઉજવણીના ભાગરૂપે કેતનભાઈને ફુલહાર, તાજ, ઝુલડી, ગોફણ, તીરકમાન, પોતાની છબીનો ફોટો આપી સન્માન કરવામાં આવ્યું. આદિવાસી પરિવારે આદિવાસી સંસ્કૃતિનું પ્રતિક ભોરીયું પહેરાવી સન્માન કર્યું આદિવાસી સાંસ્કૃતિક યુવા ટ્રસ્ટે સન્માન પત્રક આપી સન્માન કર્યું, આમ સમાજ દ્વારા અદ્ભુત રીતે સન્માન આપવામાં આવ્યું.

# દિલ્હીમાં આતંકી હુમલાની શક્યતા, ૧૫ ઓગસ્ટ સુધી એલર્ટ જાહેર

ન્યુ દિલ્હી,

સ્વતંત્રતા દિવસના થોડા દિવસો પહેલા ગુપ્તચર એજન્સી દ્વારા દિલ્હી પોલીસને એલર્ટ જાહેર કર્યું છે. એલર્ટ જાહેર કરી જણાવવામાં આવ્યું હતું કે, આતંકવાદીઓ દિલ્હીમાં કોઈ મોટી ઘટનાને અંજામ આપી શકે છે. ખાસ કરીને હવાઈ હુમલો થવાની સંભાવના છે. તેને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસ કમિશનર બાલાજી શ્રીવાસ્તવે ડ્રોન સહિતની તમામ ઉડતી ચીજો પર પ્રતિબંધ મુક્યો છે. આ ચેતવણી બાદ, દિલ્હી પોલીસના તમામ જિલ્લા ડીસીપીને આ વિસ્તારમાં પેટ્રોલીંગ કરવા સૂચના આપવામાં આવી છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી પોલીસને જાહેર કરાએલા એલર્ટ જાહેર કરી જણાવ્યું છે કે, ૫ ઓગસ્ટે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી દેવામાં આવી હતી. આવી સ્થિતિમાં આતંકવાદીઓ રાજધાનીની આસપાસ આતંકવાદી હુમલો કરી શકે છે. આ માટે સ્લીપર સેલનો પણ ઉપયોગ કરી શકે છે. એલર્ટ જાહેર કરી જણાવવામાં આવ્યું છે કે, દિલ્હી પોલીસને ખાસ કરીને ૧૫ ઓગસ્ટ સુધી એલર્ટ રહેવાની જરૂર છે. દિલ્હીના દરેક ખૂણા પર નજર રાખવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

દિલ્હી પોલીસ કમિશનર બાલાજી શ્રીવાસ્તવ આતંકી હુમલાની સંભાવનાને ધ્યાનમાં રાખીને પહેલેથી જ તૈયારી કરી રહ્યા છે. ગત રવિવારની રાત્રે, તે પોતે દિલ્હીની સુરક્ષાનો હિસ્સો લેવા નીકળ્યા હતા. દિલ્હીની મુખ્ય ત્રણ સરહદો ઉપરાંત, તેમણે લાલ કિલ્લા અને સંસદ ભવનની નજીક સુરક્ષા વ્યવસ્થાઓનો સંપૂર્ણ તપાસ કરી હતી. પોલીસ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, રાત્રે લગભગ ૩૦,૦૦૦ પોલીસકર્મીઓ ફરજ બજાવતા હતા. પોલીસ કમિશનર બાલાજી શ્રીવાસ્તવે સલામતીની દેખરેખ રાખવા વરિષ્ઠ અધિકારીઓને નિર્દેશ આપ્યો છે, ખાસ કરીને લાલ કિલ્લાની આસપાસ, જ્યાં સ્વતંત્રતા દિવસનો કાર્યક્રમ યોજાવાનો છે.

# કોંગ્રેસને તમામ જગ્યાએ સફાયો થયો, તેને પોતાની નહિ આપણી ચિંતા વધુ છે: મોદી

ન્યુ દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોરોના વાયરસ મહામારીને લઈને સરકાર પર સવાલ ઉઠાવનારાઓને જડબાતોડ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે પહેલા જ્યારે મહામારી આવતી હતી ત્યારે લોકો બીમારીથી ઓછા અને ભૂખમરાથી વધુ મરતા હતા, પરંતુ અમે કોઈને ભૂખ્યા રહેવા દીધા નથી અને ૮૦ કરોડ લોકોને સતત રાશન આપ્યું. ાજપની પાર્લિયામેન્ટ્રી પાર્ટીની બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદીએ પાર્ટીના સાંસદોને સલાહ આપી અને કહ્યું કે સત્ય એટલે કે સરકારના કામને જનતા સુધી પહોંચાડો. સત્યને જનતા સુધી પહોંચાડવું એ આપણી પહેલી પ્રાથમિકતા છે. કોરોના વાયરસ આપણા માટે રાજનીતિ નથી, પરંતુ માનવતાનો વિષય છે. પીએમ મોદીએ ભાજપના સાંસદોને કહ્યું કે તમે લોકોને કોરોના વાયરસ વિરુદ્ધ ભારત કેવી રીતે લડ્યું અને દુનિયામાં શું સ્થિતિ રહી તે વિશે તુલનાત્મક રીતે જણાવો. આ સાથે જ પીએમ મોદીએ ચોમાસુ સત્ર દરમિયાન તમામ સાંસદોને સંસદમાં હાજર રહેવા કહ્યું. બેઠકમાં પીએમ મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસ બધી જગ્યાએથી ખતમ થઈ રહી છે પરંતુ તેને પોતાની ચિંતા નથી અને આપણી ચિંતા વધુ છે. કેરળ બંગાળ અને આસામમાં હાર્યા બાદ પણ તેઓ ઊંઘમાંથી જાગ્યા નથી. પીએમ મોદીએ સંસદીય દળની બેઠકમાં કહ્યું કે દિલ્હીમાં ૨૦ ટકા ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ હજુ પણ વેક્સિનેટેડ થયા નથી. આ સાથે જ તેમણે કહ્યું કે દેશમાં કોરોના રસીની કોઈ કમી નથી. તેને લઈને નકારાત્મક માહોલ બનાવવાની કોશિશ થઈ રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 280

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## કાલોલના પરૂણા ગામની કરૂણા કરનાર સામે DDO ની લાલ આંખ

# પંચમહાલ DDO એ પરૂણા ગામની તલાટી સુનિતાબેન ને કર્યા સસ્પેન્ડ



સુનિતાબેન રાવત
તલાટી કમ મંત્રી : પરૂણા ગ્રામ પંચાયત, તા. કાલોલ


4 તા.૧૧/૦૭/૨૦૨૧ શુક્રવાર
પંચમહાલ આવૃત્તિ
પંચમહાલ સમાચાર
તલાટી સુનિતાબેનના અહો કૃપા... કે બેદરકારી થી પરૂણા ગામની થઈ કરૂણા...
કાલોલ તાલુકાના પરૂણા ગામના આવાસ યોજનામાં બીજો-ત્રીજો હપ્તો ન મળતાં લાભાર્થીઓનો રઝળપાટ
૧૦ મહિનાથી સહાય ન આપતાં મકાનના કામ અટકાયા : ગ્રાન્ટ ન હોવાના બહાને સહાય હજુ ન અપાઈ
પરૂણાના તલાટી સુનિતાબેનની ચાલતી મનમાની અને અનિયમિતતા થી ગ્રામજનોમાં રોષ


4 તા.૧૯/૦૭/૨૦૨૧ સોમવાર
પંચમહાલ આવૃત્તિ
પંચમહાલ સમાચાર
પંચમહાલ સમાચાર ઈમ્પેક્ટ
કાલોલ તાલુકાના પરૂણા ગામની કરૂણા દુર કરવા TDO આવ્યા વ્હારે
ગુલાટીબાજ તલાટી સુનીતાબેનની અનિયમિતતા અને મનસ્વી વહીવટ સામે ગ્રામજનોએ ચઢાવી બાંયો
વાયરલ ઓડીયોને લઈ ગ્રામજનોના નિવેદનો લેતાં TDO


ગોધરા,

કાલોલ તાલુકાના પરૂણા ગામે તલાટી સુનિતાબેનની અનિયમીતતા સાથે મનસ્વી વહીવટ અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને મળેલ મકાન સહાયના હપ્તા લાભાર્થીઓના ખાતામાં નાખવા માટે તલાટી સુનિતાબેન દ્વારા લાભાર્થીઓ દીઠ રૂા.૧૫૦૦ થી ૫૦૦૦ લેવાના આક્ષેપો ગ્રામજનો તેમજ લાભાર્થીઓ દ્વારા લગાવવામાં આવ્યા હતા અને લાભાર્થી જોડે થયેલ વાતચિતમાં લેતી–દેતીના અંશો વાળી ઓડીયો ક્લિપ વાયરલ થઈ જતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. અને કાલોલ તાલુકા વિકાસ અધિકારીએ સમગ્ર મામલાની તપાસ હાથ ધરી હતી. તેમજ પરૂણા ગામના ગ્રામજનો દ્વારા પોતાના ગામની થયેલ કરૂણા ની કહાની પંચમહાલ સમાચાર ને લેખિતમાં રજૂઆત કરતાં પંચમહાલ સમાચાર દ્વારા પરૂણા ગામની કરૂણા ના અહેવાલ પ્રસિદ્ધ કરતાં તંત્રમાં હડકંપ મચી ગયો હતો. અને જીલ્લા વિકાસ અધિકારીએ સમગ્ર ઘટનાની તપાસ કાલોલ તાલુકા વિકાસ અધિકારીને સોંપી હતી. વાયરલ થયેલ ઓડીયો ક્લિપ અને તલાટીબેનની મનસ્વી કામગીરી સામે ગ્રામજનોએ ઉગ્ર રોષ સાથે આપેલ નિવેદનો જોતા પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારીએ પરૂણા ગામની તલાટી સુનિતાબેનને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે.

કાલોલ તાલુકાના પરૂણા ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૦ માં ગામના ૭૨ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકા મકાનો મંજુર થયેલ હતાં. આ યોજના અંતર્ગત આ ગામના લાભાર્થીઓએ કાચા મકાનો તોડી તેનો કાટમાળ વેચી અને આવાસ યોજના અંતર્ગત મળેલ પહેલા હપ્તાના સહારે પાકા મકાનના બાંધકાની શરૂઆત કરી હતી. પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૦ પછી ગામના ૬૯ લાભાર્થીઓને આવાસ યોજના અંતર્ગત આગળની કોઈપણ પ્રકારની સહાય ન મળતાં લાભાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતાં અને પાકા મકાનનું કામ અટકાયું હતું. ચોમાસાના વરસાદમાં છત ન મળવાની ચિંતા જોઈ લેતાં આ લાભાર્થીઓએ આવાસ યોજના અંતર્ગતની આગળની સહાય મળવા માટે તલાટી સુનિતાબેનને વારંવાર રજૂઆત કરી હતી. તેમાં આગળની સહાય મંજુર કરવા માટે તેમજ તે સહાય લાભાર્થીઓના ખાતામાં નાંખવા માટે તલાટી સુનિતાબેને લાભાર્થી દીઠ રૂા.૧૫૦૦ થી ૫૦૦૦ સુધી નાણાં લેવાના આક્ષેપો ગ્રામજનો તેમજ લાભાર્થીઓએ કર્યા હતા. તલાટી સુનિતાબેન છેલ્લા પાંચ થી છ મહિના થી ગ્રામ પંચાયત કચેરી પરૂણા ખાતે હાજર ન રહેતાં ગ્રામજનોને ભારે હાલાકી પડી રહેવાની વાતો ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. જેનો સમગ્ર અહેવાલ પંચમહાલ સમાચાર માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં આવાસ યોજનાના નાણાં ક્યારે મળશે તેવું ફોન ઉપર થયેલ વાત–ચીતમાં પૈસા લેતી–દેતીની અને હું પંચાયત પર આવીશ તો તમારી ગ્રાન્ટ આવી જશે ? તેવા શબ્દોની ઓડીયો ક્લિપ વાયરલ થઈ જતાં તાલુકા વિકાસ અધિકારીએ તપાસનો દોર શરૂ કર્યો હતો. અને કાલોલ તાલુકા વિકાસ અધિકારીએ તેમની ટીમ સાથે પરૂણા ગામની મુલાકાત લઈ આ સમગ્ર ઘટના અંગે ગ્રામજનો તેમજ આવાસ યોજનાના લાભાર્થીઓના નિવેદનો લઈ જીલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ કર્યો હતો. જેમાં જીલ્લા વિકાસ અધિકારીએ તલાટી સુનિતાબેનની અનિયમિતતા અને ગ્રામજનોના નિવેદનો ને ગંભીરતા થી જોઈ તલાટી સુનિતાબેનના સસ્પેન્ડ કર્યા છે.

## કાલોલ નગર વિસ્તારમાં આગામી તહેવારને લઈ પોલીસ અને SRP જવાનોની ફ્લેગ માર્ચ



કાલોલ,

કાલોલ નગર પાલિકાના વિસ્તારમાં આવનાર ગૌરીવ્રત અને ઈદના તહેવારોમાં શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે પોલીસ અને એસ.આર.પી.દ્વારા ફ્લેગ માર્ચ કરવામાં આવી.

કાલોલ નગર વિસ્તારમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના ધર્મ નુસાર આવનાર ગૌરીવ્રત અને ઈદના તહેવારો બંને સમાજના લોકોમાં શાંતિ અને સલામતી જળવાય રહે અને કોઈ પણ પ્રકારની અફવાઓને કારણે બંને સમાજમાં અનિચ્છનીય બનાવો ન બને તે માટે કાલોલ સ્થાનિક પોલીસ અને એસ.આર.પી. પોલીસ દ્વારા કાલોલ નગર વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી. હાલ કાલોલ નગરમાં એક વીકથી નગરમાં આવેલ મામલતદાર અને પોલીસ દ્વારા અવાર–નવાર તહેવારોને કારણે શાંતિની બેઠક કરી બંને સમાજનાં આગેવાનો ને એકત્રિત કરી શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે સમજ આપી શાંતિપુર્ણ રીતે તહેવારોની મઝા માણે અને નગરમાં એક્તા જળવાઈ રહે તે માટે બેઠકો પણ કરવામાં આવી રહી છે. જ્યારે સુરક્ષાના ભાગરૂપે કાલોલ નગર વિસ્તારમાં મંગળવારનાં રોજ શહેરમાં શાંતિ અને સલામતી જળવાય તે માટે ફ્લેગ માર્ચ કરી સંદેશ આપવામાં આવ્યો છે. જ્યારે પોલીસ બંદોબસ્ત પણ કેટલાક વિસ્તારોમાં તૈનાત કરી દેવાયો છે. તેમજ બંને સમાજમાં કોઈ પણ પ્રકારની અફવાઓ ફેલાવવામાં ન આવે અને અફવાઓ થી દુર રહીને તહેવારને ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવે તેવો એક સંદેશ પાઠવ્યો છે.

## એરાલમાં સ્વચ્છતા અભિયાનના ધજાગરા ગંદકી દૂર કરવામાં ગ્રામ પંચાયત નિષ્ફળ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના એરાલમાં ઠેરઠેર કીચડ અને ગંદા ગંદા પાણીનાં ખાબોચિયાં ભરાયેલા નજરે પડે છે. જેને કારણે રોગચાળો ફાટી નીકળવાનો ભય ગ્રામજનોને સતાવી રહ્યો છે . એરાલના મસ્જિદ ફળિયા તથા તેની નજીક આવેલા અન્ય ફળિયામાં પણ વરસાદી ગંદા પાણી ભરાતાં મરછરોનો ઉપદ્રવ વધી જવા પામ્યોછે. જેને કારણે ગામમાં રોગચાળો ફાટી નીકળે તેવા સંજોગો વર્તાયા છે.

એક તરફ રાજયમાં કોલેરાના કેસો વધતા જાય છે. ત્યારે એરાલ ગ્રામ પંચાયતની નિષ્કાળજી ગામમાં આફત નોતરસે ગ્રામજનો દ્વારા વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં ભરવામાં આવતાં નથી. મસ્જિદ ફળિયામાં ભરાતું પાણી બારેમાસ રહે છે. જેના કારણે મસ્જિદ તથા નજીકમાં આવેલા મંદિરે જતા શ્રદ્ધાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ગ્રામ પંચાયતની આળસ અને સફાઈના અભાવે અહીં બારેમાસ ગંદા પાણીના ખાબોચિયા ભરાયેલા રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમુક વિસ્તારોને બાદ કરતાં બીજા વિસ્તારોમાં એરાલ ગ્રામ પંચાયત ઓરમાયું વર્તન કરતી હોવાની પણ ચર્ચાઓ ગામમાં ઉઠવા પામી છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પાણીનો નિકાલ કરી ગંદકી તથા રોડની સાફ–સફાઈ કરાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ગૌરીવ્રત નિમીત્તે બાળાઓને ફળફળાદી અને જવારાનું વિતરણ કરતા MLA નિમીષાબેન સુથાર



શહેરા,

મોરવા હડફ તાલુકામા મંગળવારથી ગૌરીવ્રતનો ભારે શ્રદ્ધાપુર્વક પ્રારંભ થયો છે. જેમા કુંવારી બાળાઓ પાંચ દિવસ ઉપવાસ કરીનું જવારાનું પુજન અર્ચન કરતા હોય છે. મોરેશ્વર મહાદેવ મંદિર ખાતે ધારાસભ્ય નિમીષાબેન સુથાર દ્વારા ગૌરીવ્રત કરનારી નાની બાળાઓને ફળફળાદી અને જવારાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે બાળાઓનું પૂજન અર્ચન કર્યુ હતું. પોતાનો મનગમતો માણીગર પામવા માટે કુંવારિકાઓ ગૌરીવ્રત કરતી હોય છે.

## શહેરામાં તહેવારોમાં કાયદા અને વ્યવસ્થાને લઈ પોલીસે ફુટ માર્ચ કર્યુ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં આવનાર તહેવારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ દ્વારા ફુટ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક પોલીસએ વિવિધ વિસ્તારોમાં ફરીને નિરીક્ષણ કર્યુ હતું.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં વિવિધ તહેવારોની પ્રજાજનો દ્વારા ઉજવણી કરવામાં આવનાર છે. હાલ ગૌરી વ્રતનો પણ પ્રારંભ થઈ ગયો છે. ત્યારે કાયદો અને વ્યવસ્થા જળવાય તે હેતુથી શહેરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એચ. સી. રાઠવાની આગેવાની હેઠળ સ્થાનિક પોલીસ મથકના પી.એસ.આઈ. એલ.એસ. પટેલ તેમજ પોલીસ કર્મીઓ સાથેની ફૂટમાર્ચ પોલીસ સ્ટેશનથી નીકળી હતી. સ્થાનિક પોલીસની ફૂટ માર્ચ નગરના કસ્બા વિસ્તાર, હોળી ચકલા, નાડારોડ, મેઈન બજાર, વૈજનાથ ચોકડી, સિંધી ચોકડી, હાઈવે માર્ગ, બસ સ્ટેશન સહિતના વિસ્તારમા ફરીને વિવિધ રૂટોના વિસ્તારોનું નિરીક્ષણ કર્યુ હતું. નગરના મુખ્ય બજારમાં પોલીસનો મોટી સંખ્યામાં કાફલો જોઈને ખરીદી કરવા આવેલા લોકોમાં કુતુહલ સર્જાયું હતુ.

## પંચમહાલ શહેરા તા.પં.ના વિપક્ષી નેતા જે.બી.સોલંકી ૨ વર્ષ માટે ૬ જિલ્લામાંથી તડીપાર


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતાને બે વર્ષ માટે જિલ્લામાંથી તડીપાર કરવા માટે હુકમ થતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી જવા પામી છે. પોલીસ દ્વારા વિપક્ષના નેતા જે. બી.સોલંકીને અરવલ્લી જિલ્લાના સાઠંબા ખાતે પોલીસ કાફલા સાથે મૂકવા ગયા હતા.

ફેબ્રુઆરીમાં યોજાયેલી શહેરા તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં વાડી તાલુકા પંચાયત બેઠક પરથી કોંગ્રેસના જે.બી.સોલંકીનો વિજય થયો હતો અને વિરોધ પક્ષના નેતા બન્યા હતા. વર્ષ ૨૦૧૧થી સમયાંતરે તેના વિરૂદ્ધ મિલકત અને શરીર સબંધી ૬ જેટલા ગુન્હા શહેરા પોલીસ મથકે નોંધાયા હતા. આચરેલા ગુન્હાની ગંભીરતા ને ધ્યાને લઈ પોલીસે પ્રાંત અધિકારી સમક્ષ જે.બી.સોલંકી સમાજ માટે તેમજ આસપાસના વિસ્તાર માટે ખતરનાક વ્યકિત સાબિત થઈ શકે છે. વસ્તુસ્થિતિને ધ્યાને તેના તડીપાર માટેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે પ્રાંત અધિકારી જય બારોટ સમક્ષ મુકવામાં આવી હતી અને તે બાબતની નોટિસ જે.બી.સોલંકી ને આપવામાં આવી હતી. જે અનુસંધાનમાં ૧૭મી જુલાઈ શનિવાર ના રોજ સુનાવણી રાખવામાં આવી હતી, જેમાં બંને પક્ષકારો ને સાંભળવામાં આવ્યા હતા. જે.બી.સોલંકીએ પોતાની નિર્દોષતા સાબીત કરવાના આશયથી વધુ મુદત માંગતા પ્રાંત દ્વારા સોમવારના રોજ ન્યાયના હિતને ધ્યાને રાખી મુદતની માંગણી ગ્રાહ્ય રાખી હતી. મંગળવારના રોજ પ્રાંત અધિકારી દ્વારા જે.બી.સોલંકીનો પંચમહાલ, મહીસાગર, દાહોદ, ખેડા, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લો મળી ૬ જિલ્લામાંથી ૨ વર્ષ માટેનો તડીપારનો આખરી હુકમ કરવામાં આવ્યો હતો. આથી જે.બી સોલંકી ને શહેરા પોલીસ મથકે લાવી પો.સ.ઈ. લકી પટેલ અને ચુસ્ત પોલીસ કાફલ વચ્ચે ગાંધીનગર લઈ જવાની તજવીજ હાથ ધરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ માટે ઘસાઈ જનાર જે.બી.સોલંકીના તડીપારના હુકમ બાદ કોઈ પણ કોંગ્રેસી પદાધિકારી નજરે ચડ્યો ન હતો અને જૂજ સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## મોરવા(હ) થી સુરતની બસ શરૂ થતાં મુસાફરોમાં આનંદ



શહેરા,

મોરવા હડફ થી સુરત એસટી બસ સેવાનો પ્રારંભ કરવામા આવ્યો હતો. તાલુકામાં પ્રથમ વખત અહીંથી સુરત જવાની સુધી બસ શરૂ થતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી હતી. પંચમહાલ જીલ્લાના છેવાડે આવેલો મોરવા હડફ તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો તાલૂકો છે. અહીનો ગ્રામીણ વર્ગ મોટા ભાગે સુરત, અમદાવાદ, રાજકોટ જેવા મોટા શહેરોમા કામકાજ માટે જતા હોય છે. મોરવા હડફ તાલુકા બન્યા પછી અહી વિવિધ સેવાઓ પુરી પાડવામા આવી રહી છે. પાછલા ઘણાં સમયથી તાલુકાના ગ્રામીણ વર્ગ દ્વારા સૂરત રૂટની એસટી બસ શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી હતી. મોરવા હડફથી સુરતની સીધી બસ સેવા ન હોવાને કારણે ગોધરાથી બસ પકડવી પડતી હોવા સાથે સમય પણ વેડફાઈ રહયો હતો. રાજકીય અગ્રણીઓ અને જાગ્રુત ગ્રામજનો દ્વારા અહીથી સુરત જવા માટે બસ સેવા શરૂ કરવા માટે વાહન વ્યવહાર વિભાગને રજુઆત કરવામા આવી હતી.જેના સફળ પરિણામોના પગલે મોરવા હડફ – સુરત બસની શરૂઆત કરવામા આવી છે. ઓરવાડા, બોડીદ્રા બુજર્ગ, ધોળી, સહિતના ગામોના સુરત અવર જવર કરતા લોકો માટે ખુબજ ઉપયોગી બની રહેશે. સૂરત તરફ જતી બસનુ ઓરવાડા ખાતે સ્વાગત કરવામાં આવ્યુ હતું. હવે મોરવા હડફ પંથકના લોકોએ મોરવા હડફથી સીધી સુરત સુધીની બસ સેવા મળતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## પંચમહાલ, મહિસાગર અને દાહોદના "આપ"ના હોદ્દેદારોની મિટિંગ ગોધરામાં યોજાઈ



ગોધરા,

ગોધરામાં સુથાર લુહાર સમાજની વાડી ખાતે આમ આદમી પાર્ટીના હોદ્દેદારોની મિટિંગ યોજાઈ હતી. જેમાં પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લાના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

નવ નિયુક્ત પદાધિકારીઓને માર્ગદર્શન અને સૂચના આપવા ગુજરાત પ્રદેશ પ્રભારી અને દિલ્હીના ધારાસભ્ય તથા ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી અને પ્રદેશ સંગઠન મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

પંચમહાલ જિલ્લા પ્રમુખ, દાહોદ જિલ્લા પ્રમુખ અને મહિસાગર જિલ્લા પ્રમુખ સહિત તમામ જિલ્લા, તાલુકા, શહેર સંગઠનના પ્રમુખઓ અને તમામ પદાધિકારીઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જિલ્લા પ્રમુખએ પદાધિકારીઓ સાથે સંવાદ સાથે સંબોધન કર્યું હતું. પ્રદેશ સંગઠન મહામંત્રીએ કાર્યકરોને જન સંવેદના યાત્રા બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને તેના સુચારૂ આયોજન થાય તે માટે માહિતગાર કર્યા હતા.